# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૮ તા. ૬-૬-૧૯

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય:- તા.૯-૬-૧૯ના રોજ બાયસેગ મારફતે પ્રસારિત થનાર કાર્યક્રમ નિહાળવા બાબત.

સંદર્ભ :- પ્રા. શિ.નિયામકશ્રીની કચેરીનાં પત્ર ક્રમાંકઃ પ્રાશિનિ/મકમ/૨૦૧૯/૧૩૬૭-૧૪૧૯ તા.૪-૬-૧૯

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્યશિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભે જણાવવાનું કે, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણક્ષેત્રે આગામી સમયમાં હાથ ધરાનાર વિવિધ પ્રકલ્પોનો શુભારંભ કાર્યક્રમ તા.૯-૬-૨૦૧૯ના રોજ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજનાર છે. આ કાર્યક્રમમાં માન.મુખ્યમંત્રીશ્રી ઉપસ્થિત રહી માર્ગદર્શન આપનાર છે. તેનાથી સમગ્ર રાજયના શિક્ષકમિત્રો લાભાન્વિત થાય તે હેતુથી સદર કાર્યક્રમનું બાયસેગ દ્વારા પ્રસારણ થનાર છે. તમામ પ્રાથમિક શિક્ષકોએ તે દિવસે સવારે ૧૦-૫૦ કલાકથી બપોરના ૧-૩૦ કલાક સુધી તમારી શાળામાં ઉપસ્થિત રહીને પ્રસારણ નિહાળવાનું રહેશે.

તા.૬-૬-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી